# આજે છાલામાં હસુદાદાના કરવટાની મહેંદી નીકળશે

ગાંધીનગર, તા. ૨

નેશનલ હાઈવે પર આવેલ છાલા ગામમાં આજે હજરત હસુદાદાનો ઉર્ષ શાનો-શોકતથી મનાવવામાં આવશે. ગામમાં હસુદાદાના કરવટાની મહેંદી કાઢવામાં આવશે.

મુસ્લિમ સમાજ દ્વારા મહોરમની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. ગાંધીનગર તાલુકાના છાલા ગામમાં આજે હસુદાદાનો ઉર્ષ મનાવવામાં આવશે. મુસ્લિમ સમાજ હસુદાદાના કરવટાની મહેંદી કાઢી ગામમાં ઝુલુસ રૂપે ફેરવશે.

મુસ્લિમ સમાજ અગ્રણી બાબુભાઈ મનસુરી જણાવે છે કે છાલા ગામમાં વર્ષોથી હસુદાદાના કરવટાની મહેંદી કાઢવામાં આવે છે. જે સુથાર દ્વારા પીપળના લાકડામાંથી બનાવવામાં આવે છે અને આ મહેંદી સાંજના ૫ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યા સુધી ગામમાં ફરશે. મહેંદીમાં હિન્દુ-મુસ્લિમ સમાજ ખભેથી ખભો મિલાવી કામ કરે છે. ત્યારે ગામમાં કોમી એકતાના દર્શન થાય છે. આસ્થાના આ જુલુસમાં હિન્દુ સમાજ દ્વારા ઘી પુરવામાં આવે છે.

આ મહેંદી સાથે હિન્દુ સમાજની આસ્થા જોડાયેલી છે. હિન્દુ સમાજના લોકો પણ પોતાની માનતા રાખતા હોય છે અને પૂર્ણ થયે મહેંદી કાઢે છે. એક કરવટાની મહેંદી સાથે ૪૦૦ થી ૫૦૦ મહેંદી નીકળે છે. આ જુલુસને જોવા માટે મોટી સંખ્યામાં દૂર દૂરથી લોકો આવે છે.

## ઉવારસદ ડેન્ટલ કોલેજમાં કેશીયરના ડ્રોઅરમાંથી ચોરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક સ્થિત ઉવારસદમાં આવેલી ડેન્ટલ કોલેજમાં ૧૮ થી ૩૦ તારીખ સુધી દિવાળી વેકેશન હતુ. આ સમયગાળા દરમ્યાન કોલેજની ઓફીસને તાળા હતા. આ તાળા તુટ્યા નથી તેમ છતાં ઓફિસમાં કેશીયરની ચેમ્બરમાંથી ચોરી થવાની ઘટના બનવા પામીછે. ડ્રોઅરમાંથી રૂ. ૧ હજાર કેશ ચોરાઈ ગયા હોવાનું ધ્યાને આવતા આ મામલે સિક્યુરીટી ઈન્ચાર્જ થિશરામ ગણપતરામ મીલે અડાલજ પોલીસ મથકમાં ચોરીની ફરીયાદ આપી છે. જેમાં બે સિક્યુરીટી ગાર્ડ બ્રીજમોહન બહાદુરસિંગ જાટ અને પ્રવિણચંદ્ર હનુમંતસિંગ રાજપુત પર શંકા દર્શાવવામાં આવી હતી. અડાલજ પોલીસે ફરીયાદને આધારે વધુ તપાસ શરૂ કરી છે.

# આજે વાવોલની ભાગવત કથા પ્રેમયજ્ઞમાં ૧૧ ગરીબ દીકરીઓનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

## તુલસી વિવાહના દિવસે ગ્રામજનો દ્વારા ગરીબ દીકરીઓને પરણાવવાની પ્રેરક ઘટના બનશે : વડાપ્રધાનના ધર્મપત્નિ જશોદાબેન ઉપસ્થિત રહે તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલ ખાતે શ્રીરામ ધામ પ્રેરિત ૧૦૮ શ્રીમદ્ ભાગવત કથા પ્રેમયજ્ઞ તા. ૩જી નવેમ્બર સોમવારે કારતક સુદ એકાદશીના દિવસે વિરામ પામશે. તુલસી વિવાહના આ પવિત્ર દિવસે આ કથા સ્થળે વાવોલ ગામની ૧૧ ગરીબ પરિવારની દીકરીઓનો સમૂહલગ્ન યોજાશે જે એક હૃદયસ્પર્શી ઘટના બની રહેશે. આ પ્રસંગે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ધર્મપત્નિ જશોદાબેન મોદી ઉપસ્થિત રહે તેવી શક્યતાઓ છે.

વાવોલ ખાતે આયોજિત ભાગવત કથા તા. ૨૮મી ઓક્ટોબરથી પ્રારંભ થઈ હતી. આ કથા સપ્તાહમાં અનેક મહંતો, મહા મંડલેશ્વરો, સાધુ-સંતો હાજરી આપી રહ્યા છે. આ કથા સપ્તાહને ખાસ કારણથી પ્રેમયજ્ઞનું નામ આપવામાં આવ્યું છે. જેમાં કથાના અંતિમ દિન તુલસી વિવાહના દિવસે અહીં વાવોલ ગામની ગરીબ પરિવારોની ૧૧ દીકરીઓનો સમૂહ લગ્નોત્સવ પણ યોજવામાં આવેલ છે. આ હૃદયસ્પર્શી અને પ્રેરણાત્મક ઘટનાના સાક્ષી દેશના વડાપ્રધાનના ધર્મપત્નિ જશોદાબેન બને તેવી શક્યતાઓ પણ છે. કથાના અંતિમ દિવસે સુદામા ચરિત્ર અને કૃષ્ણ-રૂકમણી વિવાહના પ્રસંગો રજુ કરાશે. આ દિવસે ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# સરકીટ હાઉસ સર્કલ નજીક થાંભલામાં ઘુસી જતાં બાઈકચાલકનું મૃત્યુ

## અંબાપુરની ડીપીએસ સ્કૂલમાં નોકરી કરતાં નેપાળી યુવાનને અકસ્માત નડ્યો

ગાંધીનગર, તા. ૨

અંબાપુર ગામમાં સ્થિત ડીપીએસ (દિલ્હી પબ્લીક સ્કૂલ) ની કેન્ટીનમાં નોકરી કરતો ૨૩ વર્ષીય નેપાળી યુવાન આજે બપોરના અરસામાં બાઈક લઈને ગાંધીનગર નજીક જ-માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે સરકીટ હાઉસ સર્કલ પાસે તેનું બાઈક વિજળીના થાંભલામાં ઘુસી જતાં તેને ગંભીર ઈજાઓ થઈ હતી અને કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. સે. ૨૧ પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

અંબાપુર ડીપીએસમાં નોકરી કરતાં ૨૩ વર્ષીય યુવાન કિશન બમબહાદુર સુનાર બાઈક લઈને જતો હતો ત્યારે સરકીટ હાઉસ સર્કલ પાસે તેનું બાઈક એક ઈલેક્ટ્રીકના થાંભલામાં ધડાકાભેર ઘુસી જતાં તેને ગંભીર હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં સારવાર દરમ્યાન તેનું પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું છે. આ બનાવ અંગે મૃતક યુવાનના ભાઈ ખીમબહાદુર સુનારની ફરીયાદને આધારે સે. ૨૧ પોલીસમથકના જમાદાર વસંતભાઈએ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# ખોરજ પાસેથી રાત્રે અઢી વાગે શંકાસ્પદ હાલતમાં કાર મળી આવી

## મહેસાણા જિલ્લા પંચાયતના એકાઉન્ટ ઓફિસરની ગાડી નીકળી : રહસ્ય

ગાંધીનગર, તા. ૨

રાત્રે અઢી વાગ્યાના અરસામાં ગાંધીનગર પોલીસ મથકના સે. ૭ પીઆઈ મીની જોસેફ ક્રોસ પેટ્રોલીંગમાં હતા ત્યારે અડાલજ નજીક ખોરજ ખોડીયાર કન્ટેનર ડેપો પાસે ઉભેલી એક શંકાસ્પદ ફોકસવેગન કાર અંગે પોલીસ કંટ્રોલમાં જાણ કરી હતી. કોઈ મામલે માથાકુટ થયા બાદ કાર મુકીને કાર માલીક ચાલ્યા ગયો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું હતું. ત્યારે સવારે એફએસએલ બોલાવીને પોલીસે ગાડીના કાચ તોડીને તપાસ કરતાં જિલ્લા પંચાયત મહેસાણાના એકાઉન્ટ ઓફિસર દિનેશભાઈ મધુસુદન ત્રિવેદીની કાર હોવાનું બહાર આવ્યું છે.

પોલીસે તેમને બોલાવીને નિવેદન લીધુ છે. જો કે તેમના જણાવ્યાનુસાર ગાડી બગડી હોવાથી

મુકીને ગયા હતા. જો કે ચર્ચા એવી ચાલતી હતી કે ઓવરટેક બાબતે કોઈ સાથે બોલાચાલી થયા બાદ મામલો ગરમાયો હતો અને કાર મુકીને જતા રહ્યા હતા. હવે આ રહસ્ય તો પોલીસની તપાસ બાદ જ ખુલશે.

# જય અંબે પરિવારનો રજત જયંતિ મહોત્સવ સહસ્ત્રચંડી મહાયાગની પૂર્ણાહુતિ સાથે સંપન્ન

## ચૂંદડીવાળા માતાજીની પ્રેરક ઉપસ્થિતિ : હજારો ભાવિકો ઉમટ્યા

ગાંધીનગર, તા. ૨

શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા આયોજીત 'રજત જયંતી મહોત્સવ' અંતિમ દિવસે ચાર વેદોના મંત્રઘોષ સાથે પ્રાતઃ પૂજન, ચંડીપાઠ આવર્તન, પ્રધાનહોમ, સ્થાપિત દેવતા હોમ, ઉત્તરપૂજન, બલિદાન, શ્રીફળ હોમ, પ્રેરક પ્રવચન અને સાયં મહા આરતી સાથે સહસ્ત્રચંડી મહાયાગની પૂર્ણાહુતિ સાથે સંપન્ન થયો. જેમાં દસ હજારથી પણ વધારે લોકોએ દર્શનનો લાભ લીધો.

ચૂંદડીવાળા માતાજીએ મહાયાગની પૂર્ણાહુતિ સમયે હાજર રહી ભક્તોને દર્શનનો લાભ આપ્યો. છેલ્લા ૭૫ વર્ષથી અન્ન-જળ વગર માત્ર યોગિક ક્રિયાથી તંદુરસ્ત જીવન જીવતા અને ડૉક્ટરોએ જેમના પર અનેક પ્રયોગો કર્યા છે, છતાં પણ તેમના જીવનના રહસ્યનો ઉકેલ મેળવી શક્યા નથી, એવા માતાજીના અન્નજળ વગરના જીવને વિજ્ઞાનને પણ ખોટું પાડ્યું છે.

તા. ૩૧ની સંધ્યા ટાણે મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આ મહાયાગના દર્શનનો લાભ લીધો. રાત્રે ગોલ્ડન ગ્રુપના કલાકારો તથા યજમાન શ્રી મુકેશભાઈ પટેલ, વિસનગરવાળાના સહયોગથી ગરબાનો કાર્યક્રમ યોજાયો. જેમાં

મહેસાણાના નાયક ભક્ત દ્વારા ૧૫૧ દીવડાની ૩૦ કિલો વજનની આરતી લઈ નૃત્ય આરતી કરવામાં આવી. કાર્યક્રમને અંતે રાકેશભાઈ પટેલ તરફથી શ્રેષ્ઠ ખેલૈયાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

ચાર દિશાઓ સાથે ચાર વેદો સંકળાયેલા છે. પૂર્વ દિશા એટલે કે આસામ બાજુ ઋગ્વેદનો વાસ છે જે વૈદિક કર્મકાંડ દર્શાવે છે. દક્ષિણ દિશામાં નાસિક, આંધ્રપ્રદેશ, રામેશ્વર આવે છે, જે યજુર્વેદ માટે છે અને લૌકિક કર્મકાંડ દર્શાવે છે. પશ્ચિમમાં દ્વારિકાએ ભગવાનની નગરી છે. આ દિશા સામવેદ સાથે સંકળાયેલી છે. ગીતામાં કહ્યું છે કે વેદાના સામ વેદોહં' વેદોમાં હું સામવેદ છું. સામવેદ સંગીત માટે છે. ઉત્તર દિશામાં કૈલાસ માન સરોવર આવેલું છે. જ્યાંથી અનેક દુર્લભ જડીબુટ્ટીઓ મળે છે જે અર્થવ વેદ સાથે સંકળાયેલી છે. ઉત્તર દિશા ગુઢ રહસ્ય, તંત્ર વિદ્યા, વિજ્ઞાન સુચવે છે. ટુંકમાં કહેવાનો ભાવાર્થ એ કે જેવો દેશ એવો વેશ.

શ્રી જય અંબે પરિવારના આ મહાયાગમાં મોટી સંખ્યામાં હાજર રહી, આયોજનમાં સાથ સહકાર આપી મહોત્સવને સફળ બનાવવા બદલ શ્રી જય અંબે પરિવાર સર્વે દાતાઓ, યજમાનો, સ્વયં સેવકો અને ધર્મપ્રેમી જનતાનો આભાર માને છે.

## માણસામાંથી બાઈક ચોરી કરનાર શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના માણસા ખાતે સ્થિત સરદાર શોપીંગના પાર્કીંગમાંથી ત્રણેક માસ અગાઉ સ્પ્લેન્ડર બાઈકની ચોરી થઈ જવા પામી હતી. માણસા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમે બાતમીને આધારે આ બાઈક ચોરી જનાર શખ્સને માણસામાંથી પકડી પાડ્યો છે. માણસાના માલણ વાસમાં રહેતા આકાશ મોહનજી ઠાકોરની ધરપકડ કરીને પુછપરછ શરૂ કરવામાં આવી છે. આ શખ્સ બાઈકની ચોરી કર્યા બાદ નંબર પ્લેટ સાથે ચેડા કરીને બાઈક ફેરવતો હતો.

# લોક સંવાદ સેતુ કાર્યક્રમમાં જિલ્લા પ્રભારી સચિવો ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨

જિલ્લા તાલુકા મથકે યોજાતા લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં જિલ્લા પ્રભારી સચિવોને ઉપસ્થિત રહેવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લામાં જ્યારે પણ લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાય ત્યારે જિલ્લા પ્રભારી મંત્રી સાથે જિલ્લા પ્રભારી સચિવોએ પણ ઉપસ્થિત રહેવું અને ઓછામાં ઓછી મહિનામાં એક મુલાકાત જિલ્લાની લેવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ લોક સંવાદ સેતુ અંગે આ કાર્યક્રમ અંતર્ગત ઉપલબ્ધ થયેલ રજુઆતો પૈકી જેમાં નીતિ વિષયક નિર્ણય લેવાનો હોય અંદાજ પત્રીય જોગવાઈઓને લગતી બાબત હોય રાજ્ય કક્ષાએ નિર્ણય લેવાનો થતો હોય તેવી બાબતોને સંબંધિત વિભાગોને મોકલી આપવામાં આવી છે. જે અંગે સત્વરે કાર્યવાહી કરવા તમામ વિભાગોને સૂચના આપવામાં આવી છે.

લોક સંવાદ સેતુ અંગે લેવામાં આવેલ પગલાઓ અંગે મુખ્યમંત્રી વિભાગો સાથે સમીક્ષા બેઠક યોજશે. જેમાં આ બાબતો અંગે શું પગલા ભરવામાં આવ્યા છે અને આ બાબતો અંગે ભાવિ આયોજન શું છે તે અંગે ચર્ચા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

## ચિલોડામાં આજે તુલસી વિવાહ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સતત સાતમો તુલસી વિવાહ યોજાશે જે ચિલોડાના જનક મહિલા ભજન મંડળ અને ઉમિયાનગર સોસાયટીની મહિલાઓ દ્વારા સંયુક્ત રીતે આયોજિત છે. કારતક સુદ અગિયારશના દિવસે તુલસી વિવાહનો ધાર્મિક પ્રસંગ ઉજવાય છે. છેલ્લા સાત વર્ષથી ચિલોડામાં પણ તુલસી વિવાહનું ધામધૂમથી આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આયોજિત આ તુલસી વિવાહમાં લાલજી ભગવાના યજમાન તરીકે હસુમતીબેન પ્રકાશભાઈ પટેલ અને મામા-મામી તરીકે રમીલાબેન વિનોદચંદ્ર પટેલ સ્થાન શોભાવશે. તુલસીજીના માતા-પિતા તરીકે રંજનબેન રતિલાલ રાવળ અને મામા-મામી તરીકે સુનંદાબેન અંબાલાલ પટેલ સ્થાન શોભાવશે. તુલસી વિવાહના લગ્નસ્થળ ઉમિયા નગરમાં હાલ ચાંલ્લા વિધિ, ગ્રહ શાંતિ, ગણેશ સ્થાપન, મામેરુ, લગ્નપડીકું, પીઠી વગેરે વિધિઓ પછી લગ્નોત્સવ, પહેરામણી, શોભાયાત્રા વગેરેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહેલ છે. આ લગ્નોત્સવમાં લગ્નગીતો માટે ગાયક કલાકારોની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. તુલસી વિવાહના માંગલિક પ્રસંગોમાં ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કન્યાદાન કરશે. આ ઉત્સવમાં ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉમટે અને દરેકને ધાર્મિક ભાવનાનો લાભ મળે તે માટે મહિલા મંડળ ભારે જહેમત ઉઠાવી રહ્યું છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૭
સૂર્યાસ્ત : ૬.૦૦

## તાપમાન

મહત્તમ : ૩૫.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૪૯ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
: સ્ક્રીન-૪ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હેદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫
રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હેદર : ૪.૦૦

### સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૪૫, ૨.૩૦, ૬.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર :૯.૩૦, ૧.૧૫, ૫.૦૦, ૮.૪૫
સ્ક્રીન-૩ :
સુપર નાની : ૯.૧૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૦૦, ૩.૩૦, ૭.૧૫
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૧૧.૦૦
સ્ક્રીન-૪ :
રોર : ટાઈગર ઓફ સુંદરવન : ૯.૩૦, ૨.૫૦, ૮.૧૦
સુપર નાની : ૧૨.૦૫, ૫.૪૫, ૧૦.૪૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૨ :
સુપર નાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
રોર : ૧.૩૦, ૭.૩૦
સ્ક્રીન-૩ :
રોર : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સુપર નાની : ૧.૧૫, ૭.૧૫

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

**વૃષભ** : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મઆધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું . ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે.

**કુંભ** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

**મીન** : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

● સ્વ. લલ્લુભાઈ લાલજીભાઈ દેસાઈ (ઉ.વ.૬૪) મુ. હાલીસા, તા. દહેગામ, જી. ગાંધીનગર